P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪

ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૭

e-mail : forum.pgvcl@gebmail.com website : www.pgvcl.com

CIN: U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯(Review) / કવા-૨/૨૦૨૧-૨૨/૪૮૦૦-૧ તારીખ : ૧૩-૦૭-૨૦૨૨

રજી. એડી. પત્ર

**Review Order**

પ્રતિ,

કાર્યપાલક ઈજનેરશ્રી,

પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી,

રાજકોટ શહેર-3

વિષય: CGRF રાજકોટના સંદર્ભિત ચુકાદા સામે રીવ્યુ/ સુધારાની તા.૨૧.૦૧.૨૦૨૨ના રોજની અરજી અંગે.

સંદર્ભ: હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા-૨/૨૦૨૧-૨૨/૭૮૪૩-૫, તા.૨૯.૧૨.૨૦૨૧

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ રીવ્યુ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે શામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(સી. જે. ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ રવાના :

(૧) ભીખાલાલ કે. સીદપરા અને અન્ય ૦૭ ગ્રાહકો (મોબાઈલ: ૯૮૨૫૧૬૮૮૬૬)

K-62, ટોપલેન્ડ રેસીડન્સી, શેરી નં.-૪, સાધુવાસવાણી રોડ,

મુ. રાજકોટ – ૩૬૦૦૦૫

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.લી.કં.વી.ગુ., વર્તુળ કચેરી, રાજકોટ શહેર

(૨) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કાલાવડ રોડ રાજકોટ શહેર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

## :: રીવ્યુ ઓર્ડર ::

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૯(રીવ્યુ)/ક્વા-૨/૨૧-૨૨/૪૮૦૦-1 તા. 13-07-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૩૯(R)/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩
પેટાવિભાગીય કચેરી : કાલાવડ રોડ, રાજકોટ
રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માંકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા : ભીખાલાલ કે. સીદપરા અને ૦૭ ગ્રાહકો ગામ: રાજકોટ
રજૂઆત કરનાર : ભીખાલાલ કે. સીદપરા હાજર રહેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી એન.સી.મકવાણા
૨) સભ્ય(ટેકનીકલ) -શ્રી એન.જી.કારિયા
૩) સભ્ય (સ્વતંત્ર) -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૮-૦૬-૨૦૨૨ (મંગળવાર)

::રજૂઆત::

૧.૦ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ - રાજકોટના હુકમનં - પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા-૨/૨૦૨૧-૨૨/૭૮૪૩-૫, તા.૨૯.૧૨.૨૦૨૧ ના ચુકાદાને રીવ્યુ કરવા અરજદાર (પીજીવીસીએલ પક્ષકાર) દ્વારા તા.૨૧-૦૧-૨૦૨૨ ના પત્ર થી રીવ્યુ અરજી દાખલ કરવામાં આવેલ. ગુજરાત વિધુત નિયંત્રક આયોગના (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને વિધુત લોકપાલ) વિનિયમો-૨૦૧૯ અંતર્ગત કલમ ૨.૬૪ મુજબ રીવ્યુ અપીલ તરીકે તા.૨૭.૦૧.૨૦૨૨ ના રોજ નોંધવામાં આવેલ. સદર રીવ્યુ અરજી અન્વયે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા તા.૦૮.૦૨.૨૦૨૨ ના પત્રથી – અરજદાર અને સામાવાળાને તા.૨૨-૦૨-૨૦૨૨ ની મીટીંગમાં હાજર રહેવાની જાણ કરવામાં આવેલ જેમાં અરજદાર ભીખાલાલ કે. સીદપરા અને પીજીવીસીએલ પક્ષકાર

તરફથી શ્રી એમ.આર.માંકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ હાજર રહેલ હતા.

૧.૧ સદર કેસની રીવ્યુ અરજી નોંધણી તા.૨૭.૦૧.૨૦૨૨ થયા બાદ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની વિદ્યુત લોકપાલ કચેરીના પત્ર નં. ઓમ્બુડ્સમેન/કેસ નં.૯/૨૦૨૨/૬૧૫ તા.૦૯.૦૨.૨૦૨૨ થી અત્રેના ફોરમને તા.૧૧.૦૨.૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર પત્ર મુજબ અરજદાર ગ્રાહક શ્રી ભીખાલાલ કે સીદપરા અને અન્ય ૦૭ ગ્રાહકો દ્વારા ફોરમના હુકમની સામે રજૂઆત કરતા કેસ નં. ૦૯/૨૦૨૨ થી વિદ્યુત લોકપાલશ્રીની કચેરી દ્વારા નોંધણી કરેલ.

સદર કેસની રીવ્યુ અરજી સુનાવણી તા.૨૨.૦૨.૨૦૨૨ દરમ્યાન અરજદારે વિદ્યુત લોક્પાલની કચેરીમાં કેસ નં ૦૯/૨૦૨૨ થી નોંધાવેલ હોવાથી ફોરમ દ્વારા સદર રીવ્યુ અરજીનો હુકમ વિદ્યુત લોક્પાલશ્રીની સુચના મળવા સુધી સ્થગિત કરાયેલ હતો.

ત્યારબાદ વિદ્યુત લોક્પાલની કચેરીના પત્ર તા.૧૩.૦૬.૨૦૨૨ થી કેસ નં.૦૯/૨૦૨૨ નો **Daily Order** અત્રેના ફોરમને મળેલ છે જેના મુદ્દા નં ૦૫ અને ૦૭ નીચે મુજબ નોંધાયેલ છે.

મુદ્દા નં – ૫ "વિદ્યુત લોકપાલ દ્વારા અરજદારનાં પ્રતિનિધિને પ્રશ્ન કરવામાં આવેલ કે સામાવાળા વીજ કંપની ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં તા.૨૯.૧૨.૨૦૨૧નાં ચુકાદા સામે વીજ કંપની દ્વારા ફેરવિચારણા અરજી દાખલ કરેલ છે, તે અંગે વાકેફ છો કે કેમ? તેનાં જવાબમાં અરજદારનાં પ્રતિનિધિએ જણાવેલ કે તેઓને સદર બાબતે કોઇ જાણકારી નથી." અને

મુદ્દા નં ૭ "ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ચુકાદાની સામે સામાવાળા વીજ કંપની દ્વારા દાખલ કરેલ તા.૨૧.૦૧.૨૦૨૨ની **Review** અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ પડતર છે. સદર સંજોગોમાં અરજદારની રજૂઆત ચલાવવા પાત્ર નથી. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા ફેરવિચારણા-**Review** અરજી બાબતમાં હુકમ થયાં બાદ પક્ષકાર ને આથી સુચિત કરવામાં આવે છે કે સદર બાબતની માહિતી વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂ કરે."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત બાબતે વિદ્યુત લોકપાલ કચેરીના **Daily Order** મુજબ સદર રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૮.૦૬.૨૦૨૨ થી રાખેલ છે જેની જાણકારી અરજદારને અત્રેની કચેરીના પત્ર તા.૧૭.૦૬.૨૦૨૨ થી કરાયેલ છે.

૧.૨ સદર રીવ્યુ કેસની ફરી વખત સુનાવણી તા.૨૮-૦૬-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદાર પી.જી.વી.સી.એલ. પક્ષકારની રીવ્યુ અરજી ::

૨.૦ પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ હેઠળના કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રના વિસ્તારમાં આવેલ ગ્રાહકશ્રી ભીખાલાલ કે સીદપરા અને અન્ય ૦૭ ગ્રાહકો દ્વારા વીજભાર વધારાના ભાવપત્રક બાબતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ તા.૨૧.૦૯.૨૦૨૧ના રોજ લેખિતમાં રજૂઆત કરેલ હતી. સદર અરજીના અનુસંધાને તા.૨૨.૧૨.૨૦૨૧ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. સદર સુનાવણીના અનુસંધાને ફોરમ દ્વારા પત્ર નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા-૨/૨૦૨૧-૨૨/ ૭૮૪૩-૫, તા.૨૯.૧૨.૨૦૨૧ થી હુકમ કરેલ છે.

૨.૧ ઉપરોક્ત હુકમના મુદ્દા નં ૪.૪ અને ૪.૫ માં જણાવ્યા અનુસાર પીજીવીસીએલ દ્વારા ગ્રાહક પક્ષકારને અંદાજપત્રમાં અપાયેલ ભાવપત્રકમાં વસુલેલ "Differential Charges for Under Ground HT Cable IPDS" અંતર્ગત રકમ રીકવરીને પાત્ર નથી. જેથી અરજદારની રજૂઆત મુજબ માત્ર ફિક્સ ચાર્જ અને સીક્યુરીટી ડીપોઝીટ સિવાયના વધારાના ચાર્જની આકારણી કરેલ છે તે રદ કરીને અરજદાર પાસેથી નામદાર જીઈઆરસીના નિયમ મુજબ વસુલવા પાત્ર રકમનું જ ભાવપત્રક સુધારીને સમયમર્યાદામાં વધારો કરીને દિવસ-૧૦ માં કાર્યવાહી પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને હુકમ કરેલ હતો.

૨.૨ સદર હુકમના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી તા.૨૧-૦૧-૨૦૨૨ થી નીચે મુજબની વિગતે સમીક્ષા અરજી કરાયેલ છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમો - ૨૦૧૯ ની કલમ નં. ૨.૬૪ મુજબ ફોરમમાં આગળની સુનવણી માટે મંજુર કરવામાં આવેલ છે.

૨.3 પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન નીચે મુજબ રજૂઆત કરેલ છે.

- પી.જી.વી.સી.એલ.ની શહેર-3 વિભાગીય કચેરી – રાજકોટ હેઠળ IPDS સ્કીમ હેઠળ ઘણા બધા 11 કેવી ફીડરો અંડરગ્રાઉન્ડ થયેલ છે.
- પી.જી.વી.સી.એલ.ની નિગમિત કચેરીના પત્ર નં.PGVCL/TECH/૩૬૭૫ તા.૦૯.૦૫.૨૦૧૮ ના અનુસંધાને થી જણાવાયેલ છે કે, સંલગ્ન ફીડરોમાં સાતત્ય પૂર્ણ વીજપુરવઠો જળવાઈ રહે અને અકસ્માત નિવારી શકાય તે હેતુથી ૧૧ કેવી ફીડર સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ કરવામાં આવેલ છે.
- સદર 11 કેવી અંડરગ્રાઉન્ડ કરાયેલા ફીડરોમાં નવા માંગવામાં આવતા વીજજોડાણ/હયાત વીજજોડાણમાં લોડવધારો/લાઈન શીફટીંગ માટે નવી ઉભી કરવી પડતી ૧૧ કે.વી. લાઈનને જો ઓવરહેડ કરવામાં આવે તો હાલ હયાત HT UG નેટવર્કના વીજપુરવઠાનું સાતત્ય તેમજ ગુણવતા જળવાઈ છે તેમાં વિક્ષેપ થવાની શક્યતા રહેલ છે. સદર બાબતને ધ્યાને રાખી પી.જી.વી.સી.એલ.ની કોર્પોરેટ કચેરી દ્વારા પત્ર નં. PGVCL/TECH/3675 DTD.09.05.18 થી જણાવેલ કે IPDS સ્કીમ હેઠળના અંડરગ્રાઉન્ડ થયેલ 11 કેવી ના ફીડરમાં જો નવી લાઈન ઉભી કરવામાં આવે તો UG કેબલ પ્રપોઝ કરવો જેથી રાજકોટ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી સંલગ્ન IPDS હેઠળના ફિડરોમાં નવી ૧૧ કેવી લાઈન ઉભી કરેલ છે તેમાં UG કેબલ નેટવર્કથી વિજલાઈન ઉભી કરીને નવા વિજજોડાણો/લોડવધારો/લાઈન શીફટીંગ મંજુર કરેલ છે.
- પી.જી.વી.સી.એલ.ના પરિપત્ર નં PGVCL/REG. CELL/T-6373 DTD: 02.07.2014 મુજબ અરજદાર દ્વારા માંગેલ લોડ પ્રમાણે લાગુ પડતા ફિક્સ ચાર્જ મુજબ જ અરજદારને અંદાજપત્ર આપવામાં આવેલ છે. સદર પરિપત્ર ૨૦૧૪માં આવેલ છે જેમાં PER KW ફિક્સચાર્જ નક્કી કરેલ છે જે ઓવરહેડ ૧૧ કે.વી. લાઈનના ખર્ચને ધ્યાનમાં રાખીને નક્કી કરાયેલ છે. જેથી નવી વિજલાઈન જેટલી ઉભી કરવાની હોય તેમાં ૧૧ કે.વી. લાઈન અને UG નેટવર્કના તફાવતની રકમ અંદાજપત્રમાં ઉમેરીને સંલગ્ન અરજદારને આપવામાં આવે છે.
- 11 કેવી અંડરગ્રાઉન્ડ ફીડરોમાં UG કેબલ જમીનમાં પાથરવા માટે ખોદકામની મંજુરી સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા આર.એમ.સી.ના લાગુ પડતા ઝોન/વોર્ડ પાસેથી માંગવામાં આવે છે ત્યારબાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (આર.એમ.સી.) દ્વારા રોડ મરામત ખર્ચ ભરપાઈ કરવા માટે ડિમાન્ડ નોટ

પીજીવીસીએલને પાઠવવામાં આવે છે જેમાં રોડના પ્રકાર મુજબ ખર્ચની રકમની યાદી ફોરમ સમક્ષ રજુ કરેલ છે, સદર રોડ મરામત ખર્ચ પીજીવીસીએલ દ્વારા ભરપાઈ કરવામાં આવે છે.

- હાલ હાઈટેન્શનના ગ્રાહકો માટે પરિપત્ર નં **GUVNL/TECH-2/DE-1/HT PER KVA COST/1548 DTD. 06.08.20** મુજબ ફિક્સડ ચાર્જ ઓવરહેડ લાઈનને અનુલક્ષીને જ હોય અને જે તે સમયની પરીસ્થિતિ અનુસાર નવું નેટવર્ક **UG** કરવામાં આવે તો અરજદાર પાસેથી **UG** Cable ની રકમ વસુલ કરવામાં આવે છે.
- હાલ રાજકોટ શહેર સ્માર્ટ સીટી તરીકે વિકાસ પામી રહેલ હોઈ, ઓવરહેડ લાઈન નાખવી હિતાવહ નથી તેવા સંજોગોમાં હયાત UG માં નવું UG નેટવર્ક કરવામાં આવે છે. તેમજ નવા અરજદારોને સાતત્યપૂર્ણ વિજપુરવઠો મળી રહે તે હેતુથી UG Cable પ્રપોઝ કરીને ૧૧ કેવી ઓવરહેડ અને UG ના તફાવતની રકમ વસુલ કરવામાં આવે છે. આમાં UG ની પુરેપુરી રકમ અરજદાર પાસે ભરપાઈ કરાવવામાં આવતી નથી.
- પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી રાજકોટ શહેર-3 માં IPDS હેઠળના ફીડરોમાં નવા વીજજોડાણ/ લોડવધારો વિગેરે માટે આપવામાં આવતા અંદાજપત્રમાં ૧૧ કેવી ઓવરહેડ અને UG ના તફાવતની રકમનો ઉલ્લેખ કરવામાં આવે છે અને અરજદાર દ્વારા ભરપાઈ પણ કરવામાં આવે છે. આમ, સદર બાબતોને ધ્યાને લઇ ઉપરોક્ત હુકમ અંગે ફેરવિચારણા કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

:: સામેવાળા ગ્રાહક પક્ષકારની રજૂઆત ::

3.0 શ્રી ભીખાલાલ કે. સીદપરા તથા અન્ય ૦૭ ગ્રાહકો વતી તેઓના પ્રતિનિધિ તરીકે હાજર રહેલા શ્રી ભીખાલાલ કે. સીદપરા દ્વારા સદર કેસની સુનાવણી દરમ્યાન નીચે મુજબની લેખિત / મૌખિક રજૂઆત કરેલ છે.

- ફોરમ દ્વારા અપાયેલ હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા-૨/૨૦૨૧-૨૨/૭૮૪૩-૫ તા.૨૯.૧૨.૨૦૨૧ માં જણાવ્યા અનુસાર ઘરવપરાશના વીજજોડાણમાં વીજભાર વધારાની અરજી અન્વયે અપાયેલ ભાવપત્રકમાં ફીકસ ચાર્જ અને સિક્યોરીટી ડીપોઝીટ સિવાયનો વધારાના ચાર્જની આકારણી કરેલ છે તે રદ કરીને સદર ભાવપત્રક સુધારીને દિવસ ૧૦ માં આપવાનું હતું પરંતુ સદર નિયત સમયમર્યાદામાં સુધારેલું ભાવપત્રક પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી મળેલ નથી જે અન્વયે અરજદારે તા.૧૩-૦૧-૨૦૨૨ થી પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન પેટાવિભાગીય કચેરી તેમજ અત્રેના ફોરમને લેખિત રજૂઆત આપેલ છે.
- સદર કેસમાં ફોરમ દ્વારા અપાયેલ હુકમની સામે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહીની કોઈ જાણકારી ન થતા હુકમમાં જણાવેલ નોંધ નં -૧ મુજબ ફોરમના હુકમ સામે નારાજગી હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ-30માં વિદ્યુત લોકપાલની કચેરીમાં રજૂઆત કરવાની હોય તે મુજબ તા.૨૮-૦૧-૨૦૨૨ ના રોજ દિવસ-30 પુરા થતા સામેવાળા (ગ્રાહક પક્ષકાર) દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૨ થી માનનિય વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ રજૂઆત કરેલ છે.
- સામેવાળા (ગ્રાહક પક્ષકાર) દ્વારા કરાયેલ મૌખિક રજૂઆત મુજબ તેઓની સોસાયટીના જ એક વીજગ્રાહકના વીજજોડાણમાં વીજભાર વધારો કરવાની અરજી અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા તે ગ્રાહકને એસ્ટીમેટમાં કોઈ વધારાનો ચાર્જ વસુલેલ નથી તેમજ પી.જી.વી.સી.એલ. સિવાયની

વીજકંપનીમાં રહેઠાણના વીજજોડાણના વીજભાર વધારા માટે ફિક્સ્ડ કોસ્ટ સિવાયના વધારાનો ખર્ચ વસુલવામાં આવતો નથી.

:: હુકમ ::

૪.૦ અરજદાર તરીકે પીજીવીસીએલ પક્ષકાર (Review Petitioner) દ્વારા કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ – રાજકોટના હુકમનં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા-૨/૨૦૨૧-૨૨/ ૭૮૪૩-૫, તા.૨૯.૧૨.૨૦૨૧ ના ચુકાદાને મુદ્દા નં ૪.૪ અને ૪.૫ અંતર્ગતની વિગતે રીવ્યુ કરવા અરજદાર પીજીવીસીએલ પક્ષકાર (Review Petitioner) દ્વારા તા.૨૧-૦૧-૨૦૨૨ ના પત્રથી અરજી દાખલ કરવામાં આવેલ. સદર બાબતે રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૨.૦૨.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ગ્રાહક પક્ષકાર તરફથી ભીખાલાલ કે. સીદપરા હાજર રહેલ હતા. પરંતુ અરજદાર દ્વારા સદર કેસ અંતર્ગત ફોરમના હુકમ સામે વિદ્યુત લોકપાલ કચેરીમાં ફરિયાદ નં.૦૯/૨૦૨૨ થી નોંધાવેલ હોવાથી સદર રીવ્યુ કેસનો હુકમ સ્થગિત રખાયેલ હતો. ત્યારબાદ ઉપરોક્ત મુદ્દા નં ૧.૧ મુજબની વિગતે અત્રેની કચેરી દ્વારા પીજીવીસીએલ દ્વારા કરાયેલ રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૮.૦૬.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ છે.

૪.૨ અરજદાર વીજકંપની દ્વારા રીવ્યુ અરજીમાં ફોરમના હુકમના પેરા નં ૪.૪ માં જણાવ્યા મુજબ નામદાર જીઈઆરસીના પત્ર નં જી.ઈ.આર.સી/ટેક/૨૦૧૪/૧૩૭૮ તા.૨૪.૦૬.૧૪ મુજબ નવું જોડાણ/ વીજભાર વધારો / શિફ્ટિંગના કિસ્સાઓમાં ભાવપત્રકમાં વસુલવાપાત્ર થતી રકમ કિલોવોટ (KW) ના આધારે મંજુર કરેલ છે જેના સંદર્ભમાં અરજદાર વીજકંપની દ્વારા પરિપત્ર નં **GUVNL/TECH-2/DE-1/HT PER KVA COST/1548 DTD. 06.08.20** રજુ કરેલ છે જે એચ.ટી. ગ્રાહક માટે નવા વીજજોડાણ/વીજભાર વધારા માટે ભાવપત્રકમાં પ્રતિ કેવીએ ચાર્જ વસુલવા અંગેની ગાઈડલાઈન આપેલ છે, જેના મુદ્દા નં. ૬ અને ૭ નીચે મુજબ નોંધાયેલ છે.

"(6) If the normal distribution system is underground and nearby feeder is also having underground network, then new connection shall be proposed with underground cable network only. Similarly, for extension of HT line from existing underground feeder shall be with underground cable network only and for such underground works, actual cost incurred shall be recovered as per the prevailing practice.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(7) If the HT new connection/additional load is proposed from an overhead Network/feeder, the proposed HT line shall be erected overhead only. The Underground cable line shall be laid only in those parts of the line route where erection of overhead line is technically not feasible. The actual cost of such underground part of the line with underground components shall be recovered as per actual cost incurred as per the prevailing practice over and above the Per KVA based recovery of charges."

તદઉપરાંત, અરજદાર વીજકંપની દ્વારા સદર કેસના સંદર્ભમાં કરેલ રજૂઆતમાં નામદાર જીઈઆરસીના પત્ર નં જી.ઈ.આર.સી/ ટેક/૨૦૧૪/૧૧૯૩ તા.૦૩.૦૬.૨૦૧૪ રજુ કરેલ તે ગાઈડલાઈનના પેઈજ નં-૨ માં કેસ-૨ અન્વયે અપાયેલ ગાઈડલાઈન નીચે મુજબ નોંધાયેલ છે.

"...In case of where underground electrical infrastructure is demanded, it is directed that the licensee may prepare estimate and recover the charge for the differential cost between overhead network and underground network...."

૪.૩ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા અરજદાર વીજકંપની દ્વારા કરાયેલ રજૂઆત મુજબ હયાત અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીકલ નેટવર્ક આવેલ છે ત્યાં વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે હેતુથી ઓવરહેડ લાઈનના બદલે અંડરગ્રાઉન્ડ નેટવર્ક જરૂરી હોય અરજદારના ભાવપત્રકમાં ફિક્સ્ડ ચાર્જ સિવાય જરૂરી કરવા પાત્ર અંડરગ્રાઉન્ડ નેટવર્કનો ચાર્જ સંપૂર્ણ વસુલેલ નથી પરંતુ ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડના તફાવતની રકમ વસુલેલ છે જે ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ અરજદાર દ્વારા અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીકલ નેટવર્કની ડિમાન્ડ કરેલ નથી પરંતુ સામેવાળા ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પાડતા ૧૧ KV ફીડરનું હયાત નેટવર્ક અંડરગ્રાઉન્ડ હોવાથી ભાવપત્રકમાં વસુલેલ સદર તફાવતની રકમ યોગ્ય છે.

૪.૪ સદર સુનાવણી દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ તેઓની સોસાયટીના અન્ય રહીશ દ્વારા ઉપરોક્ત અરજદારોની વીજભાર વધારાની અરજી બાદ કરાયેલ અરજી અન્વયે તેઓના વીજજોડાણમાં વીજભાર વધારો કોઇપણ વધારાના ચાર્જ વસુલ કર્યા વગર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મંજુર કરેલ છે, જે અયોગ્ય હોય જેની ફોરમ દ્વારા નોંધ લેવાયેલ છે. સદર બાબતે જો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ટેકનીકલ બાબતો અને અરજીના અગ્રતાક્રમને ધ્યાને રાખીને જ વીજભાર વધારો મંજુર કરેલ હોત તો સદર પ્રશ્ન ઉપસ્થિત થાત નહિ, આ સંજોગોમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર ફરિયાદી અરજદારોને ગ્રુપ બનાવીને અપાયેલ ભાવપત્રક રદ કરીને ગ્રુપનો આગ્રહ રાખ્યા વગર સદર ફરિયાદી અરજદારોને વીજપુરવઠો પૂરો પાડતા વીજટ્રાન્સફોર્મરમાં અરજદારોની માંગણી મુજબનો વીજભાર સમાવિષ્ટ થઇ શકે તેટલી અરજીઓને અગ્રતાક્રમ મુજબ રીવાઈઝ ભાવપત્રક આપવું અને બાકીના અરજદારોને નિયમાનુસાર રીવાઈઝ ભાવપત્રક અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ-૧૦ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સદર પ્રકારની ભૂલનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે અંગેની જરૂરી કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે અરજદાર - વીજકંપની (**Review Petitioner**) ની રીવ્યુ અરજી માન્ય રાખવામાં આવે છે તેમજ જરૂરી કાર્યવાહી કરવા વીજકંપનીને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારિયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧.